`

રજુ તારીખ	:	૧૨/૦૫/૨૦૨૬		
દાખલ તારીખ	:	૧૨/૦૫/૨૦૨૬		
ફેંસલ તારીખ	:	૧૦/૦૭/૨૦૨૬		
અવધિ	:	વર્ષ	માસ	દિવસ

=====================================

જુનાગઢનાં મહેરબાન સેશન્સ જજશ્રીની અદાલતમાં,
મું: જુનાગઢ

=====================================

ક્રિમિનલ અપીલ નંબર :– ૮૯/ ૨૦૨૬

આંક –

અરજદાર :–

અયાઝ હુસેનભાઈ લાખાણી
ઉ.વ.આ. ૨૬, ધંધો–વેપાર
રહે. સાબરીન સોસાયટી, ફાર્મસીની પાછળ,
જોષીપરા,
જુનાગઢ ::::::::::::::::–**વિવાદી**
(મુળ આરોપી)

વિ રુ ઘ્ધ

સામાવાળા :–

(૧) સ્ટેટ ઓફ ગુજરાત,
નોટીસ થ્રુ : ગર્વનમેન્ટ પ્લીડર,

(૨) અજીમ હબીબભાઈ ઓડેદરા
રહે. કોહિનુર એપાર્ટમેન્ટ, બ્લોક નં.૩૦૨
સરદારબાગ,
જૂનાગઢ. ::::::::::::::::–**પ્રતિવિવાદી**
(મુળ ફરીયાદી)

અપીલ : ક્રિ.પ્રો.કોડની કલમ–૩૭૪ મુજબ ફોજદારી કેસ નં.૪૮૫/૨૦૨૨ ના કામે તા. ૩૦–૦૪–૨૦૨૬ ના રોજ થયેલ સજાના હુકમ સામે અપીલ

Sessions Judge
Junagadh

વિવાદી તરફે વિ. વકીલ શ્રી એ.એમ.મકરાણી સામાવાળા નં.૧/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.પી.વાઘેલા સામાવાળા નં.ર મુળ ફરીયાદી તરફે વિ. વકીલ શ્રી એસ.એ.શેખ
:: ઠ રા વ ::

(૧) આ કામમાં સરળતા ખાતર પક્ષકારોને મુળ કેસમાં જે રીતે ફરીયાદી કે આરોપી હતાં તે રીતે ઉલ્લેખવામાં આવેલ છે.

(ર) **ફરીયાદપક્ષની હકીકત :-**

ફરીયાદની હકીકત નીચે મુજબ છે,

''**ર.૧** અમો ફરીયાદી જુનાગઢ મુકામે રહીએ છીએ અને વેપાર ધંધો કરીએ છીએ અને આ કામના હોમતદાર ઉપરોકત સરનામે રહે છે અને અમારી જ્ઞાતીના છે અને અમો ફરીયાદી તથા તહોમતદાર જુના મીત્રો થઈએ છીએ.

ર.ર આ કામના તહોમતદારે પોતાના ધંધા માટે રૂપીયાની જરૂરીયાત હોય જેથી અમો ફરીયાદી પાસે આવી રૂપીયા ૩,૭૭,૦૦૦/- અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજાર પુરા ની માંગણી કરેલ જેથી અમો ફરીયાદીએ આ કામના તહોમતદારની વાત ઉપર વિશ્વાસ રાખી અમારી બચતની મુડીમાંથી મીત્રતાના સબંધના દાવે પ માસ માટે રૂપીયા ૩,૭૭,૦૦૦/- અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજાર પુરા હાથ ઉછીના વગર વ્યાજે આપેલ હતા. જે અંગેનુ રૂા. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ લખાણ થયેલ છે.

ર.3 ત્યારબાદ પ માસ બાદ અમો ફરીયાદીના કાયદેસરના વસુલ થઈ શકે તેવા લેણા રૂપીયાની ઉઘરાણી આ કામના તહોમતદાર પાસે કરતા આ કામના તહોમતદારે તેમની બેન્ક યુનીયન બેક ઓફ ઈન્ડીયા મુ. સુખપુર જુનાગઢના તહોમતદારના એકાઉન્ટ નંબર ૭૩૦૯૦ર૦૧૦૦૦૦ર૩૩ર નો ચેક નંબર ૦ર૫૯૮૬ રૂપીયા ૩,૭૭,૦૦૦/- નો તારીખ ર૦/૧૧/ર૦ર૧ નો ચેક આપેલ અને વચન અને વિશ્વાસ આપેલ કે સદરહુ ચેક મુદત તારીખે ખાતામાં જમા કરાવવાથી તમોને તમારી લેણી રકમ વસુલ મળી જશે જેથી તહોમતદારના વચન અને વિશ્વાસ ઉપર ભરોસો રાખી સદરહુ ચેકનો અમો ફરીયાદીએ સ્વીકાર કરેલ હતો.

૨.૪ તહોમતદારે આપેલ ઉપરોકત ચેક અમો ફરીયાદીએ અમારી બેન્ક કોટક મહિન્દ્રા બેન્ક લીમીટેડ મુ. જુનાગઢમા જમા અમારા એકાઉન્ટ નંબર ૯૩૪૫૮૬૯૯૨૧ મા જમા કરાવતા ઉપરોકત ચેક તારીખ ૨૨/૧૧/૨૦૨૧ ના રોજ જમા કરાવતા ઉપરોકત ચેક તા. ૨૨/૧૧/૨૦૨૧ ના રોજ એકાઉન્ટ બ્લોકના શેરાથી અન–પેઈડ રીટર્ન થયેલ છે.

૨.૫ તહોમતદારે આપેલ ઉપરોકત ચેક તા. ૨૨/૧૧/૨૦૨૧ ના રોજ અન–પેઈડ રીટર્ન થતા અમો ફરીયાદીએ અમારા વકીલશ્રી મારફત અમારી સુચનાથી લીગલ નોટીસ રજી.એ.ડી.થી તા. ૨૦/૧૨/૨૦૨૧ ના રોજ તહોમતદારના જેન્યુન સરનામે આપેલ છે. જે નોટીસ તહોમતદાર ને ગઈ તા. ૨૧/૧૨/૨૦૨૧ ના રોજ બજી ગયેલ છે. આમ, તહોમતદારને નોટીસ બજી જવા છતા કોઈ રકમ આપેલ ન હોય તેમજ નોટીસનો જવાબ પણ આપેલ ન હોય જેથી હાલની આ ફરીયાદ સમય મર્યાદામા દાખલ કરેલ છે. તહોમતદારે આપેલ ચેક જુનાગઢ મુકામે રીટર્ન થયેલ હોય જેથી હાલની આ ફરીયાદ ચલાવવા આપ નામદાર અદાલતને હકુમત છે. સદરહુ ચેક જુનાગઢ મુકામે આવેલ કોટક મહિન્દ્રા બેન્ક લી. મુ. જુનાગઢ બેંકમાં ખાતુ ખોલાવેલ છે જે ખાતામાં ચેક જમા કરાવામાં આવેલ છે. જેના અમો ફરીયાદીના એકા. નં. ૯૩૪૫૮૬૯૯૨૧ છે. આ કામના તહોમતદાર સામે અમો ફરીયાદીએ તહોમતદાર સામે આ અગાઉ પણ ફો.કેસ.નં.૮૧૪૧/૨૦૨૧ તથા ફો.કેસ. નં. ૮૧૪૨/૨૦૨૧ થી ફરીયાદ દાખલ કરેલ છે.'' તેમ જણાવી પેરા–૭(અ) મુજબની દાદ માગેલ છે.

(૩) ટ્રાયલ કોર્ટે હાથ ધરેલી પ્રક્રિયાઃ–

રેકર્ડ જોતાં વિ. ત્રીજા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી–જૂનાગઢનાએ આરોપી સામે સી.આર.પી.સી.ની કલમ–૨૦૪ હેઠળ ઊપર ચર્ચા કર્યા મુજબનાં ગુન્હાનું કોગ્નીઝન્સ લીધા બાદ સમન્સ કાઢયાનું અને ત્યારબાદ આરોપીને સી.આર.પી.સી. ની કલમ–૨૦૭ હેઠળ જરૂરી દસ્તાવેજોની નકલો પુરી પાડયાનું જણાઇ આવે છે અને આરોપીની પ્લી લીધા બાદ આરોપીએ ગુનો કબુલ ન કરતાં, આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી હાથ ધરેલી છે અને રેકર્ડ જોતાં નીચે મુજબનાં પુરાવા નીચેની અદાલતે રેકર્ડ કરેલાં છે.

(૩.૧) મૌખિક પુરાવા :

ક્રમ	સાહેદ	આંક

(૧)	ફરિયાદી અજીમ હબીબભાઈ ઓડેદરાના પુરાવાનું સોગંદનામુ.	૦૫
(૨)	સાહેદ સાજીદાબેન હુસેનભાઈ લાખાણીની જુબાની	૪૪
(૩)	સાહેદ અફઝલભાઈ દાઉદભાઈ ગીગાણીની જુબાની	૪૫

(૩.૨) <u>દસ્તાવેજી પુરાવોઃ–</u>

ક્રમ	વિગત	આંક
(૧)	આરોપી અને ફરીયાદી વચ્ચે થયેલ સમજુતી કરાર તા. ૨૮–૦૫–૨૧	૧૯
(૨)	આરોપીએ ફરીયાદીને આપેલ વાદગ્રસ્ત ચેક નં. ૦૨૫૯૮૬	૨૦
(૩)	સદર ચેક પરત ફર્યાની જાણ કરતો કોટક મહિન્દ્રા બેન્ક લી.ને। રીટર્ન મેમો	૨૧
(૪)	ફરીયાદીએ આરોપીને વકીલશ્રી મારફત આપેલ નોટિસ	૨૨
(૫)	ફરીયાદીએ નોટિસ રજી.એ.ડી. કર્યાની પોસ્ટ ખાતાની વીન્ડો સ્લીપ	૨૩
(૬)	પોસ્ટ વિભાગને। પોસ્ટલ ટ્રેકીંગ રીપોર્ટ	૨૪

(૩.૩) રેકર્ડ જોતાં આરોપીનું વધારાનું નિવેદન સી.આર.પી.સી.ની ક.૩૧૩ હેઠળ નોંધવામાં આવેલ છે.

ત્યારબાદ ફરીયાદીના વિ.વ.શ્રીની તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળ્યા બાદ ટ્રાયલ અદાલતે નીચે મુજબનો હુકમ કરેલ છે.

"આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી અયાઝ હુસેનભાઈ લાખાણી, રહેવાસી : જૂનાગઢ વાળાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) વધુમાં આ કામે એવો પણ હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ ફરીયાદીને ચેકની બાકી રહેતી રકમ એટલે કે રૂા.૩,૭૭,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ સિત્તોતેર

હજાર પુરા) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૫૭(૩) હેઠળ વળતર હુકમની તારીખથી દિન–૩૦ (ત્રીસ) માં ચૂકવી આપવી.

(૩) જો આરોપી ઉપર કરેલ હુકમ મુજબ સમય મર્યાદામાં ફરિયાદીને વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૩ (ત્રણ) માસની સજા ભોગવવાની રહેશે. (૪) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૬૩(૧) અન્વયે સદરહુ ચૂકાદાની નકલ આરોપીને વિનામૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.''

ઊપરોકત હુકમથી નારાજ થઈ આરોપી અયાઝ હુસેનભાઇ લાખાણી એ સીઆર.પી.સી.ની કલમ–૩૭૪ હેઠળ અપીલ અદાલત રૂબરૂ અપીલ કરેલ છે.

(૪) અપીલની હકિકતઃ –

અપીલ મેમોમાં એપેલન્ટ/અરજદાર તરફે મુખ્યત્વે એવી હકિકત જણાવેલ છે કે,

''**૪.૧** નામદાર નીચેની અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૪૨(બી) માં જણાવેલ જોગવાઈનુ સાચુ અર્થઘટન નહી કરવામાં કાયદાના મુદા ઉપર ગંભીર ભુલ કરેલ છે.

૪.૨ નીચેની નામદાર કોર્ટે મુળ ફરીયાદીએ પ્રસ્તુત અને એડમીશીએબલ કાયદાના પ્રબંધો મુજબના પુરાવાઓ ધ્વારા પુરવાર કરેલ હોવાનુ માનેલ હોય, નીચેની અદાલતનો વીવાદવાળો ઠરાવ કાયદાની ક્ષતીવાળો અને ભુલ ભરેલો હોય, જે રદ થવાને પાત્ર છે.

૪.૩ નીચેની નામદાર અદાલતમાં એપેલન્ટ વીરુધ્ધ ચલાવાયેલ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮ મુજબ સમરી પ્રકારની છે અને બી.એન.એસ.એસ. કલમ ૩૬૫ તથા ૨૮૩ ના પ્રબંધો મુજબ ચલાવવાનો આદેશ છે, તે મુજબ એક જ જયુડી. મેજી. સાહેબે આ સમગ્ર કાર્યવાહી ચલાવેલ ન હોય, Thus recording of evidence by one magistrate and passing order or deliver the judgement by the other not curable irrulerity but is and irgularity. કાયદાની મહત્વની ખામીને ઘ્યાને લેતા પણ નીચેની નામદાર કોર્ટનો ચુકાદો રદ થવાને પાત્ર છે.

૪.૪ નીચેની નામદાર કોર્ટે ફરીયાદની ઉલટ તપાસની હકીકતોને ઘ્યાનમાં લઈ ફરીયાદના કેસને પુરવાર માની કાયદાની ગંભીર ભુલ કરેલ છે.

૪.૫ નામદાર નીચેની કોર્ટનુ રેકર્ડ ઘ્યાને લેવામા આવે તો આંક–૫ થી આ કામના મુળ ફરીયાદીનુ સરપતાસનુ સોગંદનામુ રજુ થયેલ છે અને આ કામમાં અમો આરોપીના બચાવ

પક્ષે મુળ ફરીયાદીની ઉલટ તપાસ કરવામા આવેલી છે, તે ઉલટ તપાસ ધ્યાને લેવામા આવે તો ફરીયાદ પક્ષના આરોપી પક્ષનુ લેણુ પુરવાર કરી શકેલા નથી. આમ છતાં, નામદાર નીચેની કોર્ટે આ કામના મુળ ફરીયાદીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૧૮ એ અને ૧૩૯ મુજબનો અનુમાનનો લાભ ફરીયાદીને આપેલ છે, જેથી નામદાર નીચેની કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરેલી હોય, જેથી નામદાર નીચેની કોર્ટ નો સજાનો વીવાદીત હુકમ રદ થવાને પાત્ર છે.

૪.૬ આ કામમા આરોપીએ ફરીયાદીને ચેક આપેલાનો પણ પુરાવો નથી, આ ચેકનુ એકઝીકયુશન પુરવાર થયેલ નથી, ચેક તેની હાજરીમા લખાયાનો, તેની હાજરીમા આરોપીએ સહી કરી આપેલનો પુરાવો નથી, ફરીયાદમા તેમજ સરતપાસમા પુરાવો નથી, ઉલટ તપાસમા પણ આ બાબતે વીરોધાભાસી પુરાવો છે. હાલના કેસમાં ફરીયાદીએ ચેક કયાંથી, કેવી રીતે આરોપીનો ચેક મેળવેલ તે બાબત પુરવાર ફરીયાદી એ કરેલ નથી. May the trith is stranger than fiction at times but a court while assessing the worth of the evidence or merit of the case.can only go by normal human conduct and natural course of events which will be digestible to a reasonable man.the court can not evaluate the evidence on the scale of any fiction or miracle, though it is alos likely to occur once in blue moon. આમ, કાલ્પનીક જેમ ફરીયાદી વાર્તા ઘડે તે વ્યવહાર ને ધ્યાને લઈ ન શકાય. સત્ય ને ગમે તે રીતે પુછો દરેક વખતે તે એક સરખુ પ્રત્યાદેય બને છે, તે માનવા વર્તન જ છે. આ ચેકનુ એકઝીકયુશન પુરવાર થયેલ નથી, નામદાર હાઈકોર્ટ ડી.સી.આર.૨૦૦૬(૨) પાના નં. ૧૫ થી ૧૭ માં આ અંગે ખુબજ વીધ્ધતા પુર્ણ ચુકાદો આપી કાયદાનો ખ્યાલ સ્પષ્ટ કરેલ છે.

૪.૭ નામદાર નીચેની કોર્ટના રેકર્ડના આંક: ૫ થી જે ઉલટ તપાસ મુળ ફરીયાદીની લેવામા આવેલ તે ધ્યાને લેવામા આવે તો તેના પાના નં:૧ ની હકીકત મુજબ આ કામના મુળ ફરીયાદીની આર્થીક સધ્ધરતાને ચેલેન્જ કરતા પ્રશ્નો ઉલટ તપાસ દરમ્યાન પુછવામા આવેલા છે. તે સમયે ફરીયાદી એ પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરવા અંગેનો ભાર ફરીયાદી પર ભારીત હોવા છતા ફરીયાદીએ તે અંગેનો કોઈ વિશેષ પુરાવો આપી પોતાના પરનો બર્ડન ડીસ્ચાર્જ કરેલ નથી અને ફરીયાદ એ પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરેલ નથી કે ફરીયાદીએ પોતાના બેંક ખાતાના સ્ટેટમેન્ટો રજુ કરેલ નથી. ફરીયાદી તેની ફરીયાદ મુજબ આરોપીને રકમ રૂા. ૩,૭૭,૦૦૦/- ચુકવેલ હોવાનુ જણાવે છે. જેથી આ કામના

ફરીયાદી પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરવામા નીષ્ફળ ગયેલ હોવા છતા અને તે પુરાવો રેકર્ડ પરનો પુરાવો હોવા છતા નામદાર નીચેની કોર્ટ કેસના આખરી નીણર્ય સમયે ધ્યાને ન લઈ સજાનો હુકમ ફરમાવેલ તે વિવાદિત સજાનો હુકમ રદ થવા ને પાત્ર છે.

૪.૮ આ કામમા મુળ ફરીયાદીની આંક:૧ ની ફરીયાદને ધ્યાને લેવામા આવે તો ફરીયાદીને આરોપી પાસેથી લેણી રકમ તારીખ:૨૮/૦૫/૨૦૨૧ ના રોજ કરવામા આવેલ કરાર મુજબની લેણી થતી હોવાનુ જણાવે છે અને તે કરાર નામદાર નીચેની કોર્ટમા આંક:૧૯ થી રજુ થયેલ છે અને તે કરાર અંગે ઉલટ તપાસ કરવામાં આવેલ ત્યારે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામા આવે તો ફરીયાદીના કહેવા મુજબ તારીખ:૨૮/૦૫/૨૦૨૧ ના રોજનો કરાર મુળ ફરીયાદીએ આરોપી પાસેથી જે સમજુતી કરાર કરાવેલ છે તે સમજુતી કરારમાં આરોપી પાસેથી કઈ રીતે લેણી રકમ નીકળે છે તેમજ પક્ષકારો વચ્ચે કઈ બાબત અંગેનુ સમાધાન થયેલ છે તે અંગેની કોઈ હકીકત દર્શાવેલી ન હોવા છતા નામદાર નીચેની કોર્ટે કેસના આખરી નીણર્ય સમયે ધ્યાને ન લઈ સજાનો હુકમ ફરમાવેલ તે વિવાદિત સજાનો હુકમ રદ થવા ને પાત્ર છે. ફરીયાદી નામદાર નીચેની કોર્ટના રેર્કડમાં રજુ થયેલ વિવાદીત ચેક આંક-૨૦ વાળો અમો એપેલન્ટ પાસેથી કયાં લેણા પેટે યાને કોણે મેળવેલો છે, કોની હાજરીમાં મેળવેલો છે, કેવા ફોર્મેટમાં મેળવેલો છે, આવી કોઈપણ બાબત રીસ્પોન્ડન્ટના નામદાર નીચેની કોર્ટમાં સદરહુ કામની ટ્રાયલ ચાલતા દરમ્યાન પુરવાર કરી શકેલ ન હોવા છતાં નામદાર નીચેની કોર્ટ ફરીયાદીનો કેસ પુરવાર માની અમો એપેલન્ટને તકસીરવાન ઠરાવવાનો હુકમ ન્યાનીક અને કાયદેસરનો ન હોય, જે રદ થવાને પાત્ર છે.

૪.૯ નીચેની નામ. કેર્ટે "N I ACT SEC.139 and 118(g)(b) Presumption do not exend regarding the existence of legally enforceable debt of liability ના કાયદના પ્રબંધોને ધ્યાને લીધા વગર ફરીયાદી તરફે ફરીયાદનુ લેણુ કાયદેસરનુ વસુલાત પાત્ર હોવાનુ માની કાયદાની ગંભીર ભુલ કરેલ છે.

૪.૧૦ નામદાર નીચેની કોર્ટે આંક-૫ થી એપેલન્ટ તરફે રીસ્પોન્ડન્ટની લેવાયેલ ઉલટ તપાસમાં ભારતીય પુરાવા અધિનીયમ મુજબ અપ્રસ્તુત હોવાનુ માની નીર્ણય લેવામા કાયદા તથા હકીકતની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૪.૧૧ એપેલન્ટ તરફથી નીચેની કોર્ટમાં પુરાવાના કામે રીસ્પોન્ડન્ટનો પુરાવો પડકારેલ ન હોવાનુ કે, બર્ડન રીબ્યુટ કરેલ ન હોવાનુ માની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૪.૧૨ નામદાર નીચેની કોર્ટે એપેલન્ટ તરફે રજુ થયેલ મૌખીક દલીલને ઉલટ તપાસ ધ્યાને ન લઈ તેમજ એપેલન્ટ નામદાર નીચેની અદાલતના ચુકાદાઓ ધ્યાને ન લઈ તેમજ ચુકાદામાં તે અંગેનો લેશમાત્ર ઉલ્લેખ ન કરી નીર્ણય પર આવવામાં ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૪.૧૩ નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી / રીસ્પોન્ડન્ટ રજુ થયેલ પુરાવા ખરા, કાયદેસરના અને ભારતીય અધિનિયમ મુજબ પુરવાર થયેલા નથી. આમ, ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ મુળ ફરીયાદીએ નામદાર નીચેની કોર્ટમાં રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ ખરા, કાયદેસરના નથી કે મુળ ફરીયાદી દસ્તાવેજો ખરા પુરવાર કરેલ નથી. આમ નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદીએ રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા ખરા અને કાયદેસરના માની નીર્ણય ઉપર આવવાની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૪.૧૪ નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી/ રીસ્પોન્ડન્ટનુ લેણુ કાયદેસરનુ વસુલાત પાત્ર હોવાનુ માની અને આ લેણુ મુદત દરમ્યાનનુ માની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૪.૧૫ નામદાર નીચેની કોર્ટે એપેલન્ટના ક્રિ.પો.કોડની કલમ–૩૧૩ મુજબના વિશેષ નીવેદનમાં જણાવેલી કોઈ હકીકતોનો ચુકાદામાં નીર્ણીત ન કરી નીર્ણય પર આવવાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૪.૧૬ નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં અને રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ પુરવાર કરવામાં સંપુણત નીષ્ફળ ગયેલ હોવા છતાં નામદાર નીચેની કોર્ટે રીસ્પોન્ડન્ટનો કેસ એપેલન્ટે ડીસ્ચાર્જ કરેલ હોવા છતાં કેસ સાબીત માની નીર્ણય ઉપર આવવાની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૪.૧૭ નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી/ રીસ્પોન્ડન્ટ રજુ રાખેલ આંક–૨૦ ચેક ધ્યાને લેતા ચેકની બોડીનુ ફોર્મેટ અલગ અલગ ઈન્ક તથા અક્ષરોથી ફીલ કરેલ હોય આમ ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૧૭૩ મુજબ ચેકના ફોર્મમાં મટીરીયલ ઓલટરેશન હોવા છતાં તે અંગે ચુકાદામાં કોઈ વિવરણ ન કરી અને હકીકત ધ્યાને લીધા વિના ચેક વેલીડ હોવાનુ માની નીર્ણય ઉપર આવવાની કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.

૪.૧૮ નામદાર નીચેની કોર્ટે મુળ ફરીયાદી / રીસ્પોન્ડન્ટ તરફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓમાં રેકર્ડ ઉપર ધણા વિરોધાભાસ હોય, તે વિરોધાભાસે ભારતીય પુરાવા

અધિનિયમની જોગવાઈ મુજબ ધ્યાને લેતા પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી, તેમજ રીસ્પોન્ડન્ટ નાની ફરીયાદ તથા મૌખીક પુરાવો તેમજ દસ્તાવેજી પુરાવાઓ અને ઉલટ તપાસ દરમ્યાન વિરોધાભાસ ધ્યાને લઈને ફરીયાદીનો પુરાવો કાયદેસરનો માની નાદા નીચેની કોર્ટે કાયદાની ગંભીર ભુલ કરેલ હોય તેથી પણ રદ થવાને પાત્ર છે.'' તેમ જણાવી અરજી પેરા–૪(૧)(૨)(૩) માં જણાવ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૫) **આરોપી તરફે રજુ થયેલ દલીલઃ–** આ કામે મૂળ આરોપી/એપેલન્ટના વિ.વ.શ્રીએ તા. ૨૨–૦૫–૨૬ ના રોજ આંક–૬ થી કુલ–૬ પાનાની લેખિત દલીલ રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

''**૫.૧** આ કામના રીસ્પોન્ડન્ટ નં:૧ ના એ અમો એપેલન્ટ સામે નેગો. ઈન્સ્ટ્રુ એકટની કલમ ૧૩૮ અન્વયે નામદાર ચીફજયુડિશ્યલ મેજી સાહેબની કોર્ટમા ફરીયાદી કરેલ સદરહુ કામની ટ્રાયલ નામદાર ચીફ જયુડિશ્યલ નીચેની કોર્ટમાં ચાલી જતા અમો એપેલન્ટને નામદાર નીચેની કોર્ટ સજાનો હુકમ ફરમાવેલ તે સજાનો હુકમ સામે અમો એપેલન્ટે હાલની આ અપીલ કરેલ છે.

૫.૨ નામદાર નીચેની કોર્ટ ટ્રાયલ દરમ્યાન રેકર્ડ પર આપેલા પુરાવાઓનુ કાયદાકીય રીતે યોગ્ય મુલ્યાંકન કરેલ ન હોય જેથી નામદાર નીચેની કોર્ટના સજાના હુકમમાં આપ નામદાર કોર્ટ હસ્તક્ષેપ કરવો વ્યાજબી અને ન્યાયી હોય જેથી અમારી લેખીત દલીલમા જે કાયદાકીય રજુઆત છે જેને ધ્યાને લઈ નામદાર નીચેની કોર્ટનો સજાનો હુકમ રદ કરવા અરજ છે.

૫.૩ નામદાર નીચેની કોર્ટમા અમો એપેલેન્ટ /આરોપીએ આ કામના રીસ્પોન્ડન્ટ નં:૨ ફરીયાદીની આંક: ૫ થી ઉલટ તપાસ કરેલ તે ઉલટ તપાસ દરમ્યાન અમો એપેલેન્ટ એ મુળ ફરીયાદીના પુરાવાઓનુ ખંડન કરેલ અને તે પુરાવો નામદાર નીચેની કોર્ટના રેકર્ડ પર હોવા છતા નામદાર નીચેની કોર્ટ રેકર્ડ પરના પુરાવાને કેસના આખરી નીર્ણય સમયે ધ્યાને લીધેલ નથી કે તે પુરાવાઓનુ કાયદાકીય તમેજ ભારતીય પુરાવા અધીનીયમ મુજબનુ પુરાવાઓનુ યોગ્ય મુલ્યાંકન કરેલ ન હોય જેથી નામદાર નીચેની કોર્ટનો સજાનો હુકમ રદ થવા પાત્ર છે.

૫.૪ નામદાર નીચેની કોર્ટના રેકર્ડમાં આંક: ૫ થી જે ઉલટ તપાસ મુળ ફરીયાદીની લેવામા આવેલ તે ધ્યાને લેવામા આવે તો તેના પાના નં:૧ ની હકીકત મુજબ આ કામના મુળ ફરીયાદીની આર્થીક સધ્ધરતાને ચેલેન્જ કરતા પ્રશ્નો ઉલટ તપાસ દરમ્યાન પુછવામા આવેલા છે તે સમયે ફરીયાદીએ પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરવા અંગેનો ભાર

ફરીયાદી પર ભારીત હોવા છતા ફરીયાદી એ તે અંગેનો કોઈ વિશેષ પુરાવો આપી પોતાના પરનો બર્ડન ડીસ્ચાર્જ કરેલ નથી અને ફરીયાદ એ પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરેલ નથી કે ફરીયાદીએ પોતાના બેંક ખાતાના સ્ટેટમેન્ટો રજુ કરેલ નથી. ફરીયાદી તેની ફરીયાદ મુજબ આરોપીને માતબર રકમ રૂા.૨૨,૬૨,૦૦૦/– ચુકવેલ હોવાનુ જણાવે છે. જેથી આ કામના ફરીયાદી પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરવામા નીષ્ફળ ગયેલ હોવા છતા અને તે પુરાવો રેકર્ડ પરનો પુરાવો હોવા છતા નામદાર નીચેની કોર્ટે કેસના આખરી નીણર્ય સમયે ધ્યાને ન લઈ સજાનો હુકમ ફરમાવેલ તે વિવાદિત સજાનો હુકમ રદ થવા ને પાત્ર છે.

૫.૫ આ કામમા મુળ ફરીયાદીની આંક:૧ ની ફરીયાદને ધ્યાને લેવામા આવે તો ફરીયાદી આરોપી પાસેથી લેણી રકમ તારીખ:૨૮/૦૫/૨૦૨૧ ના રોજ કરવામા આવેલ કરાર મુજબની લેણી થતી હોવાનુ જણાવે છે અને તે કરાર નામદાર નીચેની કોર્ટમા આંક:૧૨ થી રજુ થયેલ છે અને તે કરાર અંગે ઉલટ તપાસ કરવામાં આવેલ ત્યારે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામા આવે તો ફરીયાદીના કહેવા મુજબ તારીખ:૨૮/૦૫/૨૦૨૧ ના રોજ નો કરાર મુળ ફરીયાદીએ આરોપી પાસેથી જે સમજુતી કરાર કરાવેલ છે તે સમજુતી કરારમાં આરોપી પાસેથી કઈ રીતે લેણી રકમ નીકળે છે તેમજ પક્ષકારો વચ્ચે કઈ બાબત અંગેનુ સમાધાન થયેલ છે તે અંગેની કોઈ હકીકત દર્શાવેલી ન હોવા છતા નામદાર નીચેની કોર્ટ કેસના આખરી નીણર્ય સમયે ધ્યાને ન લઈ સજાનો હુકમ ફરમાવેલ તે વિવાદિત સજાનો હુકમ રદ થવા ને પાત્ર છે. ફરીયાદી નામદાર નીચેની કોર્ટના રેર્કડમાં રજુ થયેલ વિવાદીત ચેક આંક–૧૩ વાળો અમો એપેલન્ટ પાસેથી કયાં લેણા પેટે યાને કોણે મેળવેલો છે, કોની હાજરીમાં મેળવેલો છે, કેવા ફોર્મેટમાં મેળવેલો છે, આવી કોઈપણ બાબત રીસ્પોન્ડન્ટના નામદાર નીચેની કોર્ટમાં સદરહુ કામની ટ્રાયલ ચાલતા દરમ્યાન પુરવાર કરી શકેલ ન હોવા છતાં નામદાર નીચેની કોર્ટે ફરીયાદીનો કેસ પુરવાર માની અમો એપેલન્ટને તકસીરવાન ઠરાવવાનો હુકમ ન્યાયીક અને કાયદેસરનો ન હોય, જે રદ થવાને પાત્ર છે. આમ છતા નામદાર નીચેની કોર્ટ સાચુ રેકર્ડ પર દસ્તાવેજી પુરાવો હોવા છતા ફરીયાદીનુ લેણુ કાયદેસરનુ લેણુ માની અને જે સજાનો હુકમ ફરમાવેલ તે સજાનો હુકમ વિવાદીત હુકમ ભુલ ભરેલો કાયદાથી વિપરીત સ્વરૂપનો હોય જેથી તે સજાનો હુકમ રદ કરવા અરજ છે.

૫.૬ આ કામમા આરોપીએ ફરીયાદીને ચેક આપેલાનો પણ પુરાવો નથી, આ ચેકનુ એકઝીકયુશન પુરવાર થયેલ નથી, ચેક તેની હાજરીમા લખાયાનો, તેની હાજરીમા આરોપીએ સહી કરી આપેલનો પુરાવો નથી, ફરીયાદમા તેમજ સરતપાસમા પુરાવો નથી, ફરીયાદમા તેમજ સરતપાસમાં પુરાવો નથી, ઉલટતપાસમા પણ આ બાબતે વીરોધાભાસી

પુરાવો છે. હાલના કેસમાં ફરીયાદીએ ચેક કયાંથી, કેવી રીતે આરોપીનો ચેક મેળવેલ તે બાબત પુરવાર ફરીયાદીએ કરેલ નથી. May the trith is stranger than fiction at times but a court while assessing the worth of the evidence or merit of the case.can only go by normal human conduct and natural course of events which will be digestible to a reasonable man.the court can not evaluate the evidence on the scale of any fiction or miracle, though it is alos likely to occur once in blue moon. આમ કાલ્પનીક જેમ ફરીયાદી વાર્તા ઘડે તે વ્યવહારને ધ્યાને લઈ ન શકાય. સત્ય ને ગમે તે રીતે પુછો દરેક વખતે તે એક સરખુ પ્રત્યાદેય બને છે, તે માનવા વર્તન જ છે. આ ચેકનુ એકઝીકયુશન પુરવાર થયેલ નથી. નામદાર હાઈકોર્ટ ડી.સી.આર.૨૦૦૬(૨) પાના નં. ૧૫ થી ૧૭ માં આ અંગે ખુબજ વીધ્ધતા પુર્ણ ચુકાદો આપી કાયદાનો ખ્યાલ સ્પષ્ટ કરેલ છે.

૫.૭ નામદાર નીચેની કોર્ટના રેકર્ડના આંક:૫ થી જે ઉલટ તપાસ મુળ ફરીયાદીની લેવામા આવેલ તે ધ્યાને લેવામા આવે તો તેના પાના નં:૧ ની હકીકત મુજબ આ કામના મુળ ફરીયાદીની આર્થીક સધ્ધરતાને ચેલેન્જ કરતા પ્રશ્નો ઉલટ તપાસ દરમ્યાન પુછવામા આવેલા છે તે સમયે ફરીયાદી એ પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરવા અંગેનો ભાર ફરીયાદી પર ભારીત હોવા છતા ફરીયાદી એ તે અંગેનો કોઈ વિશેષ પુરાવો આપી પોતાના પરનો બર્ડન ડીસ્ચાર્જ કરેલ નથી અને ફરીયાદીએ પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરેલ નથી કે ફરીયાદી એ પોતાના બેંક ખાતાના સ્ટેટમેન્ટો રજુ કરેલ નથી. ફરીયાદી તેની ફરીયાદ મુજબ આરોપીને રકમ રૂા.૩,૭૭,૦૦૦/– ચુકવેલ હોવાનુ જણાવે છે. જેથી આ કામના ફરીયાદી પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરવામા નીષ્ફળ ગયેલ હોવા છતા અને તે પુરાવો રેકર્ડ પરનો પુરાવો હોવા છતા નામદાર નીચેની કોર્ટ કેસના આખરી નીણર્ય સમયે ધ્યાને ન લઈ સજાનો હુકમ ફરમાવેલ તે વિવાદિત સજાનો હુકમ રદ થવા ને પાત્ર છે.

૫.૮ આ કામના રીસ્પોન્ડન્ટ નં–૨ ધ્વારા અમો અરજદાર વિરૂધ્ધ કુલ છ નેગોશીએબલ ઈન્સ્ટ્રુ એકટ મુજબની ફરીયાદ જુનાગઢના નામદાર ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ સમક્ષ કરેલ જેમાં ફો.કે.નં:૮૧૪૨/૨૦૨૧ તથા ફો.કે.નં:૮૧૪૧/૨૦૨૧ તા:૩૦/૦૪/૨૦૨૪ ના રોજ જુનાગઢના નામદાર ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટનાઓએ નિદોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

તેમજ ફો.કે.નં:૨૮૬૯/૨૦૨૨ તા:૨૫/૦૩/૨૦૨૬ ના રોજ જુનાગઢના નામદાર ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટનાઓએ સજાનો હુકમ ફરમાવેલ હતો તે હુકમ સામે નામદાર સેશન્સ કોર્ટમા અપીલ કરેલ જેના ફો.અપીલ નં.૦૬/૨૦૨૬ છે. જે અપીલ મંજુર કરતા આપ નામદાર અદાલત એ રીમાન્ડ કરેલ છે. જે હાલ પેન્ડીંગ છે.

ઉપરોકત અમો એપેલન્ટની લેખીત દલીલ તેમજ મૈખિક રજુઆત અને નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર ઉચ્ચ અદાલતોના પ્રતિપાદિત થયેલા સીધ્ધાંતોને અપીલ ના આખરી નીર્ણય સમયે ધ્યાને લઈ નામદાર નીચેની કોર્ટનો વિવાદિત હુકમ સજાનો હુકમ રદ કરવા અને અમો એપેલેન્ટ ની અપીલ મંજુર કરવા આપ નામદાર અદાલતને નમ્ર અરજ છે.''

(૬) મૂળ ફરીયાદી/સામાવાળા તર્ફે દલીલો :–

મુળ ફરીયાદી/સામાવાળા તરફે દલીલો કરવામાં આવેલ છે જેની ચર્ચા યથાયોગ્ય સ્થાને કરવામાં આવશે.

(૭) મુળ રીસ્પોન્ડન્ટ ની રજુઆતોનો એપેલન્ટ તરફે લેખિત ખુલાસો :

એપેલન્ટ/આરોપીના વિ. વકીલશ્રીએ તા. ૧૧–૦૬–૨૬ ના રોજ આંક–૧૧ થી રીસ્પોન્ડન્ટ નં.૨ ની રઆુતનો એપેલન્ટ તરફે લેખિત ખુલાસો કુલ–૨ પાનાનો રજુ કરેલ છે જે નીચે મુજબ છે.

''**૭.૧** નામદાર નીચેની કોર્ટમા આંક:૧૨ થી કરાર રજુ થયેલ છે અને તે કરાર અંગે ઉલટ તપાસ કરવામાં આવેલ ત્યારે રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામા આવે તો ફરીયાદીના કહેવા મુજબ તારીખ:૨૮/૦૫/૨૦૨૧ ના રોજનો કરાર મુળ ફરીયાદીએ આરોપી પાસેથી જે સમજુતી કરાર કરાવેલ છે તે સમજુતી કરારમાં આરોપીને કઈ તારીખે અને કેવી રીતે રકમ આપેલ તેમજ આરોપી પાસેથી કઈ રીતે લેણી રકમ નીકળે છે તેમજ રીસ્પોન્ડન્ટ નં.૨ / મુળ ફરીયાદી તેમની મૌખીક રજુઆતમાં જણાવે છે કે મોબાઈલના ધંધા માટે કહેવાતી રકમ આપેલ છે પરંતુ સમજુતી કરારમાં તે અંગેનુ કોઈ લખાણ કરવામાં આવેલ નથી તેમજ પક્ષકારો વચ્ચે કઈ બાબત અંગેનુ સમાધાન થયેલ છે તે અંગેની કોઈ હકીકત દર્શાવેલી ન હોવા છતા નામદાર નીચેની કોર્ટ કેસના આખરી નીણર્ય સમયે ધ્યાને ન લઈ સજાનો હુકમ ફરમાવેલ તે વિવાદિત સજાનો હુકમ રદ થવા ને પાત્ર છે.

૭.૨ રીસ્પોન્ડન્ટ નં.૨ / મુળ ફરીયાદી તેની મૌખીક રજુઆતમાં તેમજ ફરીયાદ મુજબ આરોપીને માતબર રકમ રૂા.૨૮,૬૨,૦૦૦/- ચુકવેલ હોવાનુ જણાવે છે પરંતુ તે મતલબનો કોઈ પુરાવો નામદાર કોર્ટ સમક્ષ લાવેલ નથી તેમજ રીસ્પોન્ડન્ટ નં.૨ / મુળ ફરીયાદીએ નામદાર નીચેની અદાલતમાં જે ઓડીટ ફાયનાન્સીયલ રીપોર્ટ રજુ કરેલ છે તેમાં રીસ્પોન્ડન્ટ નં.૨ / મુળ ફરીયાદી પાસે આટલી માતબર રકમ હોવા અંગેનો કોઈ ઉલ્લેખ નથી. જેથી આ કામના રીસ્પોન્ડન્ટ નં.૨ / મુળ ફરીયાદી પોતાની આર્થીક સધ્ધરતા પુરવાર કરવામા નીષ્ફળ ગયેલ હોવા છતા અને તે પુરાવો રેકર્ડ પરનો પુરાવો હોવા છતા નામદાર નીચેની કોર્ટ કેસના આખરી નીણર્ય સમયે ધ્યાને ન લઈ સજાનો હુકમ ફરમાવેલ તે વિવાદિત સજાનો હુકમ રદ થવા ને પાત્ર છે.

આ કામમાં રીસ્પોન્ડન્ટ નં.૨ તરફે જે રજુઆત કરેલ તે રજુઆતનો અમો એપેલેન્ટ દવારા લેખીત ખુલાસો રજુ રાખીએ છીએ. જે અપીલના આખરી સમયે ધ્યાને લઈ અમો એપેલેન્ટની અપીલ મંજુર કરવા અને નામદાર નીચેની કોર્ટ નો સજાનો હુકમ રદ કરવા આપ સાહેબને નમ્ર અરજ છે.''

(૮) પોઈન્ટસ ફોર ડીટરમીનેશનઃ-

આ કામનું રેકર્ડ, જજમેન્ટ, અપીલ મેમો, મુળ આરોપી/એપેલન્ટનાં વિ.વ.શ્રી ની દલીલો, મુળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટના વિ. વલકીલશ્રીની દલીલો લક્ષમાં લેતા આ અપીલનાં નિર્ણય માટે સી.આર.પી.સી.ની કલમ-૩૮૭ સાથે ૩૫૪(૧)(બી) વંચાણે લેતાં નીચે મુજબનાં પોઈન્ટસ ઊપસ્થિત થાય છે.

૮.૧)શું નીચેની અદાલતનું જજમેન્ટ ગેરકાયદેસર, કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત વિરૂધ્ધનું અને કાયદા તેમજ હકિકતથી ભુલ ભરેલ છે અને તેમાં હસ્તક્ષેપ કરવો જરુરી છે ?

૮.૨)શું ટ્રાયલ અદાલતે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય રીતે તહોમત સંદર્ભે મુલ્યાંકન કરેલ નથી?

૮.૩)શું હુકમ ?

(૯) મુદ્દાનાં જવાબઃ-

૯.૧) ચર્ચા મુજબ ''હકારમાં''

૯.૨) ચર્ચા મુજબ ''હકારમાં''

૯.૩) આખરી હુકમ મુજબ. ''ચર્ચા કર્યા મુજબ ''

<u>– કારણો –</u>

(૧૦) <u>મુદ્દા નં. ૧ –</u>

પુરાવાનો કાયદો બે આસ્પેકટને અનુસરે છેઃ–

A. QUID Probandum એટલે કે, હકિકત સાબીત કરવી,

જયારે બીજો આસ્પેકટ –

B. MODUS Probandi ને અનુસરે છે જે પુરવાર કરવાની રીતને અનુસરે છે.

C. ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપુન્ડસ મુજબ ફરીયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે. વધુમાં ફરીયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબીત કરવાનો રહે છે.

D. વધુમાં કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને "strictly construed" કરવાનું રહે છે. એટલે અદાલતે કાયદાનાં શબ્દો (Lirtera legis) કરતાં આગળ વધવું જોઈએ નહી.

E. જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે <u>**ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે :–**</u> <u>**કલમ–૬:–આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધીન સમજવી:–** આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા,પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા,પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત 'સામાન્ય અપવાદો' શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.</u> એટલે કે, કોઈપણ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે,કોઈપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે.નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ–વિરુધ્ધ–ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬ (૨) એસસીસી– પાન નં. ૭૯૮ ઉપર પ્રદર્શીત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેનાં ઉપરથી અદાલતે કોઈપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ ? તે નકકી કરવાનું હોય છે.

F <u>Beyond reasonable doubt એટલે શું ?</u>

F.1 ઉપર ચર્ચા કરી તે મુજબ ફરીયાદપક્ષે તેમનો કેસ વ્યાજબીશકથી પર સાબીત કરવાનો હોય છે અને કોઈપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબજ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબીશકથી પર ગુનેગાર છે.

Reasonable doubt અંગે વિદવાન કાયદાવીદ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–

"Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich" જયારે અદાલતને તેની રુબરુ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગ કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

F.2 આજ રીતે લોર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે:– That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. “Of course it is possible, but not in the lest probable, the case is proved beyond reasonable doubt, but nothing short of that will suffice”. વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે સ્ટેટ ઓફ બેંગાલ–વિરુધ્ધ–ઓનીલાલ જયસ્વાલના ૧૯૯૪(૧) જી. એલ. એચ. પાન – ૫૩૭ ઉપરનાં ચુકાદામાં માં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે,....**1994 (1) G. L. H. 537 SUPREME COURT K. JAYACHANDRA REDDY AND G. N. RAY, JJ.** State of West Bengal ...Appellant Versus Orilal Jaiswal and Another ... Respondents *[@page537]* Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated. ...”

F.3 આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઈએ અને તે કાલ્પીનક ન હોવો જોઈએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સં ડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ. ફરીયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી એટલે કે ભા. પુ. ધારાની ક. ૬૦ માં પડતાં પુરાવાથી કે સીધા પુરાવાનાં અપવાદો એટલે કે રેસ ગેસ્ટેમાં પડતાં સાહેદોનાં પુરાવાથી એટલે કે ભા. પુ. ધારાની ક. ૬ થી ૯ અને ૧૪ માં પડતાં પુરાવાથી કે ભા. પુ. ધારા માં જણાવેલ કલમ-૨૪ મુજબની કબુલાતથી કે ભા. પુ. ધારાની ક. ૩૨ માં પડતાં પુરાવાથી સાબીત કરવાની હોય છે. આમ ઉપરોકત પરિપ્રેક્ષ્યમાં ફરીયાદ પક્ષ નું મુલ્યાંકન કરવાનું રહે છે.

(૧૧) નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટ ૧૮૮૨ ની કલમ-૧૩૯ તથા ૧૧૮ ચિત્રમાં આવે છે જે નીચે મુજબ છે.

<u>કલમ-૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :-</u>

વિરુધ્ધનું સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ-૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

આમ, કલમ-૧૩૯ નું અનુમાન લક્ષમાં લેતાં વિરુધ્ધનું સાબીત ના થાય ત્યાં સુધી ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે ૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળેલ છે તેવું અનુમાન કરવાનું હોય છે. તેમજ આ તબકકે આ કાયદાની કલમ-૧૧૮ પણ રજુ કરવી જરુરી છે. જે નીચે મુજબ છે.

<u>કલમ -૧૧૮ વટાવ ખત વિષે માની લેવાની બાબત.</u>

એથી વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે:-

અવેજ વિશે.

(ક) દરેક, વટાઉ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, અથવા તબદીલ કરવામાં આવ્યું હોય,

ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું, તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

તારીખ વિશે.

(ખ) જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આ પ્યું હતું.

સ્વીકારનાર સમય વિશે.

(ગ) સ્વીકારયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

તબદીલીના સમય વિશે.

(ઘ) કોઈ વટાવ ખતની દરેક તબદીલી તે ખત પાકયાની તારીખ પહેલાં થઈ હતી.

શેરાઓના ક્રમ વિશે.

(ચ) કોઈ વટાઉ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરો તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

સ્ટેમ્પ વિશે.

(છ) ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો......

આમ, આ કલમ મુજબ પણ વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી આ ચેકો અવેજને માટે લખી આપવામાં આવ્યા હતાં તેવું અનુમાન અદાલતે કરવાનું હોય છે. આ કાયદાની કલમ–૧૧૮ તથા ૧૩૯ માં "Shall presume" તેવા શબ્દો છે અને તે સં જોગોમાં ભારતીય પુરાવા ધારાની કલમ–૪ ચિત્રમાં આવે છે અને જે નીચે મુજબ છે.

Section-4...........

"Shall presume" - Whenever it is directed by this Act that the Court shall presume a fact, it shall regard such fact as proved, unless and untill it is disproved........"

આમ, આ ભારતીય પુરાવા ધારાની આ અનુમાન ત્યારે જયાં સુધી હકીકત નાસાબીત ના થાય ત્યાં સુધી હકીકત સાબીત થઈ છે તેવું અદાલતે માનવાનું રહે છે.આમ આ કાયદાની કલમ–૧૧૮ અને ૧૩૯ લક્ષમાં લેતાં તથા ફરીયાદીનો પુરાવો લક્ષમાં લેતાં આ ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે આ ચેક અવેજને માટે અને કોઈ દેવા કે જવાબદારી માટે લખી આપવામાં આવ્યા હતા તેનું અનુમાન કરવાનું છે અને જોકે આ અનુમાન ખંડનાત્મક છે.

(૧૨) આ તબકકે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ને હવે પછી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તરીકે ઉલ્લેખવામાં આવશે. તેની કલમ–૧૩૮ અત્રે રજુ કરવી જરુરી છે જે નીચે મુજબ છે.

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.—

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice

in writing, to the drawer of the cheque, [within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.—For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.]

(૧૩) આમ, આ કલમ–૧૩૮ ની જોગવાઈઓ મુજબ નીચે મુજબની હકીકત ફરીયાદપક્ષ દવારા પુરવાર કરવી જરુરી છે.

(૧) ચેક લખનાર એટલે કે આરોપી તેમનું ખાતું બેંકમાં ઘરાવતા હતા અને તે બેંક ખાતાનો ચેક આરોપીએ ફરીયાદીને લખી આપેલ છે.

(૨) આ ચેક આરોપીએ તેની પોતાની જવાબદારી કે દેવું અદા કરવા માટે આપેલ છે.

(૩) ફરીયાદીએ આ ચેક ચેકની તારીખથી ત્રણ માસના સમયમાં પુરી ''વેલીડીટી પીરીયડમાં રજુ કરેલ છે.''

(૪) આ ચેક અપુરતાં ભંડોળના કારણે વગર વસુલાતે પરત આવેલ છે.

(૫) આ ચેક ભરપાઈ થયા વિના પરત આવતાં ભરપાઈ થયાની જાણ થયાની દિન–૩૦ માં આ કાયદાની કલમ–૧૩૮(બી) મુજબ લેખિતમાં નોટીસ આપીને આ ભરપાઈ થયા વિના પરત થયેલા ચેકની રકમની માંગણી કરી હોવી જોઈએ.

(૬) આ માંગણા નોટીસ આરોપીને મળ્યા બાદ આરોપીએ દિન–૧૫ માં તેના નાણાં ચુકવી આપ્યા નથી.

(૭) ઉપર મુજબના દિન–૧૫ માં નાણાં ચુકવી ના આપ્યા બાદ આરોપીએ ફરીયાદ કરવાનું કારણ આ કાયદાની કલમ–૧૩૮(ક) મુજબ ઉભું થાય તેના એક માસની અંદર ફરીયાદ દાખલ કરેલી છે.

(૧૪) આ કાયદાની કલમ–૧૩૮ મુજબ કસુરવાન ઠરાવવા માટે ફરીયાદીએ ઉપરોકત હકીકતો મુજબ સાબીત કરવી પડે છે એટલે કે ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ મુજબ ઉપરોકત મુદ્દાઓ સાબીત કરવાનો સાબીતીનો બોજો ફરીયાદી ઉપર છે. આ તબકકે ભારતીય પુરાવા ધારાની કલમ–૩ કે જે અર્થઘટન અંગેની છે તેની કલમ સાબીત અંગેની અત્રે રજુ કરવી જરુરી છે. જે નીચે મુજબ છે.

> ''**સાબિત**'' – એક હકીકત સાબિત થઈ કહેવાય જયારે તેની સમક્ષ પડેલી બાબતો વિચારતા અદાલતે તેનું અસ્તિત્વ છે તેમ માને અથવા તેનું અસ્તિત્વ એટલી હદે સંભવિત માને છે કે એક સમજદાર વ્યકિત જે તે કેસમાં સંજોગો હેઠળ તેવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ છે.

(૧૫) આમ, ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંત મુજબ તથા એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ પાયાની હકીકત ફરીયાદીએ વ્યાજબી શકથી પર ઉપરોકત હકીકત સાબીત કરવાની હોય છે.

(૧૬) <u>આરોપી તેનો બચાવ :–</u>

(અ) ફરીયાદપક્ષના પુરાવા થકી કે ફરીયાદપક્ષની ઉલટ તપાસ કરી

(બી) કે સ્વતંત્ર પુરાવાથી સાબીત કરી શકે છે.

(૧૭) <u>ઉપરોકત બાબતોએ પુરાવાઓનું મૂલ્યાંકન :–</u>

૧૭.૧ આ કામમાં ફરીયાદીએ એવી હકીકત જણાવી છે કે, આ કામના તહોમતદારે પોતાના ધંધા માટે રૂપીયાની જરૂરીયાત હોય જેથી મારી પાસે આવી રૂા. ૩,૭૭,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજારની માગણી કરેલ જેથી મે આ કામના તહોમતદારની વાત ઉપર વિશ્વાસ રાખી મારી બચતની મુડીમાંથી મીત્રતાના સબંધના દાવે ૫ માસ માટે રૂપીયા ૩,૭૭,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજાર પુરા હાથ ઉછીના વગર વ્યાજે આપેલ હતા જે અંગેનું રૂા.૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રુબરુ લખાણ કરેલ

છે અને તે અંગે આરોપીએ ફરીયાદ વાળો ચેક તા.૨૦–૧૧–૨૧ નો આપેલો જે ચેક એકાઉન્ટ બ્લોકના શેરા સાથે પરત આવતા વકીલશ્રી મારફતે નોટિસ આપેલી અને તેમ છતાં આરોપીએ આ નાણાં ન ચુકવણા એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબની ફરીયાદ કરેલી.

૧૭.૨ ઉપરોકત બાબતે આંક–૫ થી ફરીયાદીએ સોગંદ ઉપર પુરાવો આપેલ છે અને તેમાં ફરીયાદ મુજબની હકીકત જણાવેલી છે.

૧૭.૩ આ કામમાં ચેક આંક–૨૦ થી રજુ થયેલ છે જે ફરીયાદીના નામનો લખેલો છે, ફરીયાદ મુજબની તારીખ અને રકમનો છે અને તે ચેક આંક–૨૧ ના શેરા મુજબ એકાઉન્ટ બ્લોકના શેરા સાથે પરત આવેલ છે અને આંક–૨૨ થી નોટિસ આપેલી છે, આંક–૨૩ થી નોટિસ પોસ્ટ કર્યાની પહોંચ છે અને આંક–૨૪ થી આરોપીને નોટિસ મળી ગયા અંગેની પોસ્ટ ખાતાએ ટ્રેક રીપોર્ટ આપેલ તે છે.

૧૭.૪ આમ, ચેક આપ્યાની હકીકત અને તે એકાઉન્ટ બ્લોકના શેરા સાથે પરત થયાની હકીકત, તે અંગે નોટિસ આપ્યાની હકીકત અને નોટિસ આપ્યા બાદ આરોપીએ કોઈ નાણાં ચુકવ્યા નથી તે હકીકત ઉપરોકત હકીકતથી બહાર આવે છે.

૧૭.૫ આ કામમાં ફરીયાદીએ ફરીયાદમાં ફરીયાદીએ જણાવેલ છે કે,

''આ કામના તહોમતદારે પોતાના ધંધા માટે રૂપીયાની જરૂરીયાત હોય જેથી અમો ફરીયાદી પાસે આવી રૂપીયા ૩,૭૭,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજાર પુરા ની માંગણી કરેલ જેથી અમો ફરીયાદીએ આ કામના તહોમતદારની વાત ઉપર વિશ્વાસ રાખી અમારી બચતની મુડીમાંથી મીત્રતાના સબંધના દાવે ૫ માસ માટે રૂપીયા ૩,૭૭,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજાર પુરા હાથ ઉછીના વગર વ્યાજે આપેલ હતા. જે અંગેનુ રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ લખાણ થયેલ છે.''

૧૭.૬ વધુમાં, જે સરતપાસ રજુ થયેલ છે તેમાં પણ ઉપરોકત પેરા–૨ ની વિગત સોગંદ ઉપર પેરા–૨ માં જણાવી છે.

૧૭.૭ આમ, ફરીયાદી સ્પષ્ટપણે એવુ જણાવે છે કે, આરોપીને ધંધા માટે રૂા. ૩,૭૭,૦૦૦/– ની માગણી કરેલી અને તે આરોપીની માગણી મુજબ રૂા. ૩,૭૭,૦૦૦/– આરોપીને આ ફરીયાદીએ આપેલા છે.

૧૭.૮ ઉપરોકત બાબતે ઉલટ તપાસમાં એવી હકીકત આવે છે કે,

''સવાલ : આ વેપાર ધંધા ના હીસાબ કીતાબ ના ચોપડા તથા રોજમેળ નીભાવો છો ?

જવાબ : મારી પાસે પહેલાના હીસાબ કીતાબના ચોપડા છે. અત્યારે હુ હીસાબ કીતાબ નીભાવતો નથી.

હુ પહેલાના હીસાબ કિંતાબના ચોપડા નામદાર કોટ મા રજુ કરવા તૈયાર છુ. આ કામના આરોપી મારો મીત્ર થતો હોય તેથી તે કે તે રીતે તેને ઓળખુ છુ. આ કામના આરોપી સાથે મારે કોઈ ધંધાકીય સંબંધો નથી.

સવાલ : આરોપી સાથે હાલની ફરીયાદમાં જણાવેલ નાણાંકીય વ્યવહાર સિવાય અન્ય કોઈ નાણાંકીય વ્યવહાર થયેલો ?

જવાબ : હાલની ફરીયાદમાં જણાવેલ નાણાંકીયા વ્યવહાર સિવાય આરોપી એ મારી પાસેથી હાથઉછીના રૂપીયા ૫૦૦૦૦/- માંગેલા

આરોપીએ મારી પાસેથી રૂા. ૩૦,૦૦૦૦૦/-ની માંગણી કરેલી. સાહેદ જણાવે છે કે આરોપી અને મારી વચ્ચે કરાર થયેલો. આરોપી એ રૂા. ૩૦૦૦૦૦૦/- ની માંગણી કરાર ના પંદર દિવસ પહેલા એટલે કે આજથી આશરે ત્રણેક વર્ષ પહેલા કરેલી હતી તેની ચોકકસ તારીખ મને યાદ નથી.

એ વાત ખરી નથી કે આરોપીએ આ રકમ કયા વર્ષ અને કયા મહીનામા પરત આપવા ની હતી તેવી કોઈ હકીકત જણાવેલ નથી. મને આંક ૧૯ વાળો કરાર મને બતાવવામા આવે છે તે જોઈ ને કહુ છુ કે એ વાત ની મને ખબર નથી કે આ કરારમા કયા સંબંધનુ સમાધાન થયેલુ. વાદગ્રસ્ત ચેક આરોપી એ મને રૂા. ૩૭૭૦૦૦/- નો આપેલ હતો જેની તારીખ કરારમાં લખેલ છે જે હાલ મને યાદ નથી. એ વાત ખરી નથી કે વાદગ્રસ્ત રકમ અમોએ આરોપીને હાથઉછીની આપેલી હોય તેવી હકીકત અમારા કરારમા પણ લખેલ નથી. મને આંક ૧૯ વાળો કરાર બતાવવામા આવે છે જે જોઈ ને કહુ છુ કે તેના પ્રથમ પાને લેણી રકમના ફકત ચેક નંબર લખેલા છે રકમ તથા તારીખ લખેલ નથી સાહેદ જણાવે છે કે લેણી રકમ કરારના બીજા પાને લખવામા આવેલ છે. એ વાત ખરી નથી કે આરોપીને વાદગ્રસ્ત રકમ આપેલ હોવાનો કોઈ લેખીત આધાર પુરાવો રજુ કરેલ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે લેખીત કરાર રજુ કરેલ છે. હુ ઈન્કમટેક્ષ રીટર્ન પહેલા ભરતો હતો.''

૧૭.૯ આમ, ઉલટ તપાસમાં આ ફરીયાદીએ એવુ જણાવેલ છે કે, આરોપી અને ફરીયાદી વચ્ચે કરાર થયો છે.

૧૭.૧૦ વધુમાં, એવી હકીકત જણાવે છે કે, ''મને આંક-૧૯ વાળો કરાર બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, તે વાતની મને ખબર નથી કે, આ કરારમાં કયા સબંધનું સમાધાન થયેલ છે.''

૧૭.૧૧ વધુમાં એવી હકીકત આવે છે કે, ''એ વાત ખરી નથી કે, આરોપીને વાદગ્રસ્ત રકમ આપેલ હોવાનો કોઈ લેખિત આધાર પુરાવો રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, લેખિત કરાર રજુ કરેલ છે.''

૧૭.૧૨ આ કામમાં ઉપરોકત કરાર જેમાં નીચે મુજબની હકીકત આવે છે.

''::- સમજુતી કરાર ::-

લખી આપનાર:-ઐયાઝ હુશેનભાઈ લાખાણી, ઉ.વ.આ.૨૬, ધંધો.વેપાર,
રહે.સાબરી સોસાયટી, ફાર્મસી પાછળ, જોષીપરા, જુનાગઢ.
મો.નં-૯૧૩૯૨ ૧૨૧૨૧.

લખાવી લેનાર:- અજીમ હબીબભાઈ ઓડેદરા, ઉ.વ.આ.૨૭, ધંધો.વેપાર,
રહે.સરદારબાગ, ગુલીસ્તાન સોસાયટી, અજમેરીપાર્ક, શેરીનં-૩,
મુ.જુનાગઢ. મો.નં-૯૦૯૦૯ ૦૭૫૬૭.

અમો બન્ને પક્ષકારો વચ્ચે આજરોજ સમાધાન થયેલ છે, જેમાં અમો આ સમજુતી કરારથી લખી બંધાઈએ છીએ કે, અમારે પક્ષકારોએ જેમાં લખી આપનારને લખાવી લેનારને રૂા.૬,૦૦,૦૦૦/- અંકે રૂપીયા છલાખ પુરા તા.૨૯/૦૬/૨૦૨૧ ના રોજ આપવાના રહેશે, જેમાં મારે કોઈ કસુર કરવાની નથી અને જો હું પ્રથમ ૬ લાખ રૂપીયામાં ન પહોચી શકુ તો લખાવી લેનાર મારી ઉપર કાયદેસર કાર્યવાહી કરી શકે અને લખી આપનાર આ લખાણામાં લખાવી લેનાર પોતાને સીકયોરીટી પેટે ચેક આપે છે, અને કુલ સાત ચેક છે, જે (૧) ચેક નં-૦૨૫૯૮૩ (૨)ચેક નં-૦૨૫૯૮૪ (૩) ચેક નં-૦૨૫૯૮૫ (૪) ચેક નં-૦૨૫૯૮૬ (૫) ચેક નં-૦૨૫૯૮૭ (૬) ચેક નં-૦૨૫૯૮૮ (૭) ચેક નં-૦૨૫૯૮૯ આમ ઉપરોકત સાત ચેક છે, જેમાં મારે કુલ રૂા.૨૮,૬૨,૦૦૦/અંકે રૂપીયા અઠયાવીસ લાખ બાસઠહજાર પુરા આપવાના છે, જેમાં કુલ ૬ લાખ આપી દવ એટલે રૂા.૨૮,૬૨,૦૦૦/- માંથી રૂા.૬,૦૦,૦૦૦/- બાદ કરીને બાકીની રકમ રૂા.૨૨,૬૧,૦૦૦/- રૂપીયા ૬ માસની મુદતમાં આપવાના રહેશે, અને જો વચ્ચે જે કોઈ રકમ હું લખાવી લેનારને આપુ તો કુલ રકમમાંથી બાદ કરી લખાણ કરાવી અને તેટલી રકમનો ચેક મને પરત કરવાનો રહેશે, અને ફરીથી સમજુતી કરાર કરવાનો રહેશે, આ લખાણામાં બન્ને પક્ષકારોએ કબુલ મંજુર રાખવાના રહેશે, જે ખાત્રી બદલ અમો આ કરાર કરી આ નીચે અમોએ બન્નેએ સાક્ષીઓની હાજરીમાં સહીઓ કરી આપેલ છે.

સ્થળ : જુનાગઢ તારીખ ૨૮/૦૫/૨૦૨૧ ના રોજ જુનાગઢ મુકામે

અત્ર ....મતુ. તત્ર ....શાખ

સહી/-
(લખી આપનાર) ૧. સહી/-સાજેદા હુસેન લાખાણી

સહી/-
(લખાવી લેનાર) ૨. સહી/-ગીગાણી અફઝલ ડી.''

Sessions Judge
Junagadh

૧૭.૧૩ આમ, ઉપરોકત કરારમાં રુા. ૨૮ લાખ બાકી હતા તેવી વિગત આવે છે અને રૂા. ૨૨,૬૧,૦૦૦/– છ માસની મુદતમાં આપવાના છે તેવી હકીકત આવે છે.

૧૭.૧૪ આખા કરારમાં ફરીયાદીએ જે ફરીયાદમાં અને સોગંદ ઉપર રુા. ૩,૭૭,૦૦૦/– ની રકમની માગણી કરેલ અને રૂા. ૩,૭૭,૦૦૦/– આપ્યા હોય તેવી કોઈ વિગત આખા આ કરારમાં નથી.

૧૭.૧૫ ઉપરોકત કરારમાં હાલના ફરીયાદ વાળા ચેકનો ઉલ્લેખ છે.

૧૭.૧૬ આમ, ફરીયાદી મહત્વની હકીકત તેમની ફરીયાદમાં, સોગંદ ઉપરના પુરાવામાં અને આરોપીને આપેલ નોટિસ કે જે આંક–૨૨ થી રજુ છે તેમાં પણ ફકત રૂા. ૩,૭૭,૦૦૦/– ની જ માગણી આરોપીએ કરેલ છે અને તેટલી રકમ આરોપીને ફરીયાદીએ આપેલી છે તેવી હકીકત જણાવે છે.

૧૭.૧૭ એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ પાયાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરે તો આરોપીની વિરુધ્ધમાં તે કલમ મુજબનું અનુમાન જે આદેશાત્મક છે તે કરવાનું હોય છે. આ અનુમાન કન્કલુઝીવ નથી પરંતુ આદેશાત્મક છે અને આ અનુમાન જે આરોપી વિરુધ્ધમાં થયેલ હોય અને ફરીયાદીની તરફણેમાં થયેલ હોય તેનું ખંડન આરોપી કરી શકે છે અને આરોપી આ ખંડન પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે કરી શકે છે.

૧૭.૧૮ આ કામમાં આરોપી તરફે દલીલ છે કે, ચેકનો દુરુપયોગ થયેલ છે અને આવો કોઈ વ્યવહાર થયેલ નથી. આરોપી તરફે જે ઉલટ તપાસ ફરીયાદીની કરવામાં આવેલ છે તેમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, સીકયુરીટી પેટે આપેલ ચેકનો દુરુપયોગ કરેલ છે.

૧૭.૧૯ આ કામમાં આ કરાર પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સાહેદ જે કરારમાં જણાવેલા છે તે સાજીદાબેન એટલે કે, આરોપીના માતા છે તેઓને તપાસેલા છે અને તેમાં આરોપી અને ફરીયાદી ભાગીદારીનો ધંધો કરે છે તેવી હકીકત આ સાહેદના પુરાવામાં ફરીયાદી તરફે તપાસવામાં આવેલા છે તેમાં આવેલ છે અને તેમાં એવી હકીકત આવે છે કે, ''સાહેદ જણાવે છે કે, મારો છોકરો અજીમ સાથે ત્રણ થી ચાર વર્ષ પેહલા ભાગીદારીમાં મોબાઈલની દુકાનનો ધંધો કરતો હતો. મારા પુત્રએ મને જણાવેલ કે, મે અજીમ સાથે ૪ લાખ રુપીયાની

ભાગીદારીનો ધંધો કરેલ છે. ત્યારબાદ એક મહિના પછી મારા દિકરાએ મને જણાવેલ કે અજીમે મને વ્યાજે રુપીયા આપેલ છે.'' વધુમાં, ફરીયાદીએ તપાસેલા આ સાહેદના પુરાવામાં એવુ આવે છે કે, ''બાદ મારા દિકરાએ અજીમને એક થી બે મહિના વ્યાજ ચુકવેલ હતુ અને તે અમોને બહુ હેરાન કરે છે.''

વધુમાં, સરતપાસમાં એવી હકીકત આવે છે કે, ''અમોએ આ અજીમ સામે હેરાન કરવા બાબતે કોઈ ફોજદારી કેસ કરેલ નથી. હું મારી સહી ઓળખુ છુ. મને કોર્ટ રેકર્ડ માથી આંક-૧૯ વાળો સમજુતી કરાર બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા સાક્ષી નં. ૧ તરીકે મારી સહી છે. આ સમજુતી કરારમા મે મારા ઘરે જ સહી કરેલ હતી. આંક-૧૯ ના દસ્તાવેજમા સાક્ષી નં. ૨ તરીકે જેની સહી છે તે મારા દીકરાનો મીત્ર થાય છે અને અમારે તેની સાથે ઘર જેવા સબંધ છે. આ કરાર કરતી વખતે મે મારુ આધારકાર્ડ આપેલ અને તેમા પણ નીચે મે સહી કરેલ હતી.

ઉપરોકત બાબતે હું વિશેષ માજણાવવા માંગુ છુ કે અમો અજીમ ને વ્યાજ ભરવામા પહોંચી વળતા ન હતા જેથી અમોએ મારી દીકરી સાઝમાના નામે સ્વીફ્ટ ગાડી છોડાવેલ અને તે ગાડી વેચીને મે આ અજીમને પૈસા ચુકવેલ હતા.

સવાલ :- તમોએ આ અજીમ ને પાંચ લાખ રૂપીયા ચુકવી આપેલ તેની કોઈ પહોંચ લીધેલ છે કે કેમ?

જવાબ :- ના અમોએ કોઈ પહોંચ લીધેલ નથી.

સવાલ :- આંક-૧૯ સમજુતી કરારમા મારા દીકરાએ રૂા.૨૨,૬૧,૦૦૦/- ચુકવવાના હતા જે સબંધે કુલ સાત ચેક મારા દીકરાએ ફરીયાદીને આપેલ હતા?

જવાબ :- આ કરાર નુ લખાણ કરેલ ત્યારે સીકયુરીટી પેટે અમોએ અજીમને ૬ ચેક આપેલ હતા અને કહેલ કે તમો પૈસા ચુકતે કરી આપશો એટલે અમો ચેક પરત કરી આપીશુ, તે અમોને ધાક ધમકી આપતો હતો અને મારા દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો જેથી મે મારા દીકરાને કયાંય જવા દીધેલ ન હતો.''

૧૭.૨૦ આમ, ઉપરોકત સરતપાસની હકીકતમાં રૂા. ૨૨,૬૧,૦૦૦/- ની હકીકત આવે છે અને આરોપીને ફરીયાદી ધમકી આપતા હતા તેવી હકીકત આવે છે.

૧૭.૨૧ વધુમાં, આ સાહેદની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે આ અજીમ એ મારા દીકરા અયાઝ ને રૂા. ૨૨,૬૧,૦૦૦/-આપેલા હોય અને તે સમયે ૬ ચેક અજીમને આપેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આંક-૧૯ ના સમજુતી કરાર મા જે સહી કરેલ છે તે સહી કોઈ નોટરી રૂબરૂ કરેલ નથી. **સાહેદ જણાવે છે કે અજીમે ઘરે આવીને ધાક ધમકી આપીને આ સમજુતી કરાર પર મારી સહી કરી આપેલ હતી.''**

૧૭.૨૨ આમ, આ બાબતે પણ ઉલટ તપાસમાં ધાક ધમકી આપીને સમજુતી કરાર કરાવ્યાની હકીકત આવે છે.

૧૭.૨૩ બીજા સાહેદ અફઝલભાઈ દાઉદભાઈને આંક–૪૫ થી ફરીયાદપક્ષે તપાસેલા છે અને તેઓએ સરતપાસમાં નીચે મુજબની હકીકત આવે છે.

''આજરોજ અમો નામ. કોર્ટના સમન્સ ના આધારે જુબાની આપવા આવેલ છીએ. આ અયાઝ હુસેનભાઈ લાખાણી ને હું નાનપણ થી ઓળખુ છુ. હું અજીમ હબીબભાઈ ઓડેદરા ને આઠ થી દસ વર્ષ થી ઓળખુ છુ. આ અયાઝ હુસેન લાખાણી ને મોબાઈલ નો કામધંધો છે. આ અયાઝ અને અજીમ બંને મીત્ર થતા હતા. મને કોર્ટ રેકર્ડ માથી આંક–૧૯ નો સમજુતી કરાર બતાવવામા આવે છે જેમા સાક્ષી નં. ૨ તરીકે મારી સહી છે જે ઓળખુ છુ. આ સહી મે ચેક આપેલ હતી તેના લખાણ મા કરેલ હતી. આ અયાઝ એ અજીમ ને રૂા. ૨૨,૬૧,૦૦૦/– ચુકવવાના હતા તે સબંધે આ ચેકો આપેલ હતા. એ વાતની મને ખબર નથી કે આ અયાઝ એ અજીમને કોઈ રકમ ચુકવેલી કે કેમ. મે આ પૈસા આપતા જોયેલ નથી.''

૧૭.૨૪ આમ, સરતપાસમાં પણ રૂા. ૨૨,૬૧,૦૦૦/– ની હકીકત આવે છે.

૧૭.૨૫ આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો, તેમાં આ સાહેદને સ્પષ્ટ સવાલ પુછવામાં આવેલ છે કે,

''સવાલ :– આ અજીમ અને અયાઝ વચ્ચે રૂા. ૨૨,૬૧,૦૦૦/– ની લેતી દેતી થયેલ હોય તે અંગેની કોઈ જાણકારી નથી?

જવાબ :– મે અયાઝભાઈને આપવા માટે સૌથી પહેલા રુપીયા ચાર લાખનો ચેક આપેલ હતો. તે ચેક મા પૈસા ઉપડેલ ન હતા જેથી અયાઝભાઈ નો મને ફોન આવેલ અને પછી મે તેમને કહેલ કે અજીમભાઈ સાથે વાત કરી લેજો.''

૧૭.૨૬ આમ, રૂા. ૨૨,૬૧,૦૦૦/– ની લેતી દેતી થયા બાબતે આ સાહેદનો જવાબ જોવામાં આવે તો, ફકત રુા. ૪ લાખનો ચેક આપેલો તેટલી હકીકત આવે છે પરંતુ રૂા. ૨૨,૬૧,૦૦૦/– ના મહત્વના સવાલમાં આ રૂા. ૨૨,૬૧,૦૦૦/– આરોપીએ ફરીયાદીને ચુકવવાના હતા તે બાબતે આ સાહેદે ફકત ઉપરોકત જવાબ આપેલ છે.

૧૭.૨૭ વધુમાં, ઉલટ તપાસમાં એવી હકીકત આ સાહેદે સ્વીકારેલ છે કે, ''એ વાત ખરી છે કે ઉપરોકત જે ચાર લાખ રૂપીયાની વાત કરીરહયો છું તે ચાર લાખ રૂપીયા અયાઝભાઈએ અજીમભાઈને ચુકવી દીધેલ છે. એ વાત ખરી છે કે અમો ત્રણેય જણા મીત્ર થતા હોય જેથી મીત્રતાની દષ્ટિએ આ આંક–૧૯ ના લખાણમાં સહી કરેલ હતી.''

૧૭.૨૮ આમ, મીત્રતાના નાતે આ કરારમાં સહી કર્યાની હકીકત ઉલટ તપાસમાં સ્વીકારે છે.

૧૭.૨૯ કોઈપણ સાહેદ મૌખિક પુરાવો આપે તેમાં સત્યતા છે કે કેમ? તે ચકાસવા માટે ઉલટ તપાસનું હથિયાર સામા પક્ષને ધારાસભાએ આપેલ છે અને ઉપરોકત સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો, રૂા. ૨૨,૬૧,૦૦૦/– ની રકમ ચુકવવાની આરોપીએ હતી તે બાબતે ફકત ૪ લાખની વાત જ આ સાહેદ કરે છે અને આ ૪ લાખ રુપીયા આરોપીએ ચુકવી આપેલા છે તેવી હકીકત જણાવે છે.

૧૭.૩૦ ઉપરોકત સંજોગોમાં ફરીયાદીએ તપાસેલ કરારના સાક્ષી સાજીદાબેને એવુ જણાવેલ છે કે, ધાક ધમકી આપી આ કરાર કરેલ છે તે હકીકતની સાથે ફરીયાદીએ આરોપીને આપેલ નોટિસમાં, ફરીયાદમાં કે સોગંદ ઉપરના પુરાવામાં આટલી મોટી રકમ માટે એક શબ્દ ઉચ્ચારેલ નથી અને તે સંજોગોમાં ફરીયાદી અને આરોપી વચ્ચે ભાગીદારીનો ધંધો હતો તે હકીકત પણ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે પુરવાર થતી નથી.

૧૭.૩૧ વધુમાં, ફરીયાદી પોતે ઉલટ તપાસમાં એક જગ્યાએ એવુ જણાવે છે કે, આ કરાર કયા સબંધમાં થયેલો તેની તેને ખબર નથી તેથી ખરેખર આંક–૧૯ વાળો કરાર થયેલ છે કે કેમ? અને થયેલ છે તો આજ વ્યવહાર બાબતે થયેલ છે કે કેમ? અને ખરેખર આજ વ્યવહાર બાબતે હોય તો ફરીયાદીએ એક ડાહયા માણસ તરીકે આરોપીને આપેલ નોટિસમાં, ફરીયાદમાં અને સરતપાસના સોગંદનામામા આ કુલ રકમ બાબતે કેમ વાત કરેલ નથી અને તે સંજોગોમાં ફરીયાદીએ ફરીયાદના પેરા–૨ માં જે હકીકત જણાવી છે કે, ''આ કામના તહોમતદારે પોતાના ધંધા માટે રૂપીયાની જરૂરીયાત હોય જેથી અમો ફરીયાદી પાસે આવી રૂપીયા ૩,૭૭,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજાર પુરા ની માંગણી કરેલ જેથી અમો ફરીયાદીએ આ કામના તહોમતદારની વાત ઉપર વિશ્વાસ રાખી અમારી બચતની મુડીમાંથી મીત્રતાના સબંધના દાવે ૫ માસ માટે રૂપીયા ૩,૭૭,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજાર પુરા હાથ ઉછીના વગર વ્યાજે આપેલ હતા. જે અંગેનુ રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ લખાણ થયેલ છે.''

તે બાબત બાબતે વ્યાજબી શંકા ઉત્પન્ન થાય છે અને તે સંજોગોમાં આવો વ્યવહાર થયો નથી તે હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે આરોપી પક્ષ સાબીત કરે છે.

૧૭.૩૨ વધુમાં, આ જે કહેવાતો કરાર છે તેમાં રૂા. ૨૮,૬૨,૦૦૦/– ની રકમ ફરીયાદીએ આપ્યાની હકીકત નીકળે છે તે સંદર્ભે ટ્રાયલ અદાલતમાં ૨૦૧૯–૨૦૨૦ નું જે ઈન્કમટેક્ષ રીટર્ન મુળ ફરીયાદીએ રજુ કરેલ છે તેમાં ૨૦૧૯–૨૦૨૦ ની કુલ આવક ફકત રૂા. ૫,૩૩,૮૫૭/– દર્શાવવામાં આવેલ છે.

૧૭.૩૩ વધુમાં, જે વ્યકિતની વાર્ષીક આવક એટલે કે નેટ પ્રોફીટ રૂા. ૫,૩૩,૮૫૫/– હોય તે વ્યકિત તેનાથી ચાર ગણી રકમ ચુકવી શકે તે બાબતે પણ વ્યાજબી શંકા ફરીયાદપક્ષ ઉભી કરે છે.

૧૭.૩૪ વધુમાં અપીલના તબકકે મુળ ફરીયાદી તરફે બેન્ક સ્ટેટમેન્ટ એચ.ડી.એફ.સી. બેંકનું જી.એસ.ટ્રેડર્સનું રજુ કરેલ છે અને તે ફરીયાદીની પેઢીનું છે તેવી હકીકત ફરીયાદીએ જ જણાવેલી છે તે દસ્તાવેજ આ પેઢીનો હોવાથી અપીલ તબકકે રજુ કરવા દેવામાં આવેલ નથી તેમ છતાં તે દસ્તાવેજમાં પણ આટલી મોટી રકમ ફરીયાદીએ આરોપીને આપેલી હોય તેવી કોઈ વિગત મુળ ફરીયાદી પક્ષ જણાવી શકેલ નથી.

૧૭.૩૫ વધુમાં, ફરીયાદી પોતે ઈન્કમટેક્ષ રીટર્ન ભરે છે એટલે કે હિસાબો રાખે છે તે સંજોગોમાં ધંધામાંથી જો આ રકમ આપી હોય તો આરોપીને દેવાદાર તરીકે જે તે વર્ષમાં બતાવ્યા હોય પણ તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષે રજુ કરી નથી.

૧૭.૩૬ આમ, નીચે મુજબની હકીકત રેકર્ડ ઉપરથી બહાર આવે છે.

(એ) ફરીયાદીના જણાવ્યા મુજબ આ કામના તહોમતદારે પોતાના ધંધા માટે રૂપીયાની જરૂરીયાત હોય જેથી અમો ફરીયાદી પાસે આવી રૂપીયા ૩,૭૭,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજાર પુરા ની માંગણી કરેલ જેથી અમો ફરીયાદીએ આ કામના તહોમતદારની વાત ઉપર વિશ્વાસ રાખી અમારી બચતની મુડીમાંથી મીત્રતાના સબંધના દાવે ૫ માસ માટે રૂપીયા ૩,૭૭,૦૦૦/– અંકે રૂપીયા ત્રણ લાખ સીતોતેર હજાર પુરા

હાથ ઉછીના વગર વ્યાજે આપેલ હતા. જે અંગેનુ રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ લખાણ થયેલ છે,

(બી) ઉપરોકત હકીકત ફરીયાદીએ સરતપાસમાં તેમજ આરોપીને આપેલી નોટિસમાં જણાવેલી છે,

(સી) કરાર જે છે તેમા રકમ ૨૨,૬૧,૦૦૦/–લેવાની બાકી નીકળે છે તેવુ જણાવેલ છે પરતુ આ હકીકત આ ફરીયાદમા, આરોપીને આપેલી નોટિસમાં કે સરતપાસમાં જણાવેલ નથી,

(ડી) ઉલટ તપાસમાં ફરીયાદીએ એવુ પણ જણાવેલ છે કે, આ કરારમા કયા સબંધનું સમાધાન થયેલુ તેને ખબર નથી,

(ઈ) વધુમાં, તપાસેલ સાક્ષી પૈકી સાજીદાબેનનો સમગ્ર પુરાવો જોતા આ કરાર ધાક ધમકીથી થયેલ છે તેવુ નીકળે છે,

(એફ) અન્ય કરારના સાહેદ મહત્વની બાબત એટલે કે, ૨૨ લાખની રકમ માટે ઉલટ તપાસમાં એવી હકીકત જણાવે છે કે,

''સવાલ :– આ અજીમ અને અયાઝ વચ્ચે રૂા. ૨૨,૬૧,૦૦૦/– ની લેતી દેતી થયેલ હોય તે અંગેની કોઈ જાણકારી નથી?

જવાબ :– મે અયાઝભાઈને આપવા માટે સૌથી પહેલા રુપીયા ચાર લાખનો ચેક આપેલ હતો. તે ચેક મા પૈસા ઉપડેલ ન હતા જેથી અયાઝભાઈ નો મને ફોન આવેલ અને પછી મે તેમને કહેલ કે અજીમભાઈ સાથે વાત કરી લેજો.''

આમ, ૨૨,૬૧,૦૦૦/– બાબતે જે જવાબ આવે છે તે ચાર લાખ રુપીયાનો ચેક આપેલ તેવી વાત આવે છે અને આ ચાર લાખ રુપીયા આરોપીએ ચુકવી આપેલ છે.

૧૭.૩૭ વધુમાં, આરોપી તરફેની એ પણ દલીલ વજુદ વાળી છે કે, આજરોજ આજ અદાલતમાં બીજો કેસ છે તેમાં પણ આટલી મોટી રકમની વાત કર્યા વગર માત્ર રુા. ૩,૭૭,૦૦૦/– ની હકીકત જણાવેલી છે.

૧૭.૩૮ વધુમાં, આટલી મોટી રકમ જે કરારમાં છે તે રકમ ફરીયાદીના પાસે હતી તે જોતા જે ઈન્કમટેક્ષની ચર્ચા ૨૦૧૯–૨૦૨૦ ની જે રૂા. ૫,૩૩,૮૫૭/– ગ્રોસ આવક રીટર્નમાં બતાવેલી છે તે જોતા પણ આટલી મોટી રકમ ૨૮ લાખ જેટલી કોઈ વ્યકિત ફકત હાથ

ઉછીની આપી દે તે માની શકાય તેમ નથી અને વધુમાં આટલી મોટી રકમ આપી હોય અને તે રકમનો ઉલ્લેખ એન.આઈ.એકટ અન્વયે આપેલી નોટિસ, ફરીયાદમાં અને સરતપાસમાં ન કરે તે કોઈપણ ડાહયા માણસના ગળે ઉતરે તેવી વાત નથી.

૧૭.૩૯ આમ, ઉપરોકત તમામ સંજોગો એવા છે કે, ફરીયાદી પાયાની હકીકત બાબતે વ્યાજબી શંકા ઉત્પન્ન કરે છે અને સામા પક્ષે એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન આરોપી પક્ષે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે કરવામાં સફળ થયેલ છે.

(૧૮) મુળ ફરીયાદી તરફે નીચે મુજબની દલીલ કરેલ છે.

૧૮.૧ મૂળ ફરીયાદી/રીસ્પોન્ડન્ટ નં.ર તરફે વકીલશ્રીએ મૌખિક દલીલ કરેલ છે કે, બે કેસો છે એક સાથે અને તેમાં અગાઉનો એક જે છે તે આપણે રીફર કરેલ હતો સમજુતી કરાર છે તેને આંક પડેલા છે. આ જે સમજુતી કરાર છે તે ૨૮–૦૫–૨૧ વાળો તેમાં એપેલન્ટ આરોપીના માતા સાજીદાબેન હુસેન લખાણી એક સાક્ષી છે અને આ જે છે અયાજ હુસેન લાખાણી અને એમના બીજા મીત્ર તેમના સાક્ષી હતા તેમ છતા તેઓને અમે ફરીયાદપક્ષે તપાસેલા છે અને તેઓની જુબાની લેવામાં આવેલ છે. આ તમારા પુત્રએ એમાઉન્ટ જે લીધી એનો આ કરાર કર્યો તેમાં તમે વીટનેસ હતા તેમાં તમે આધારકાર્ડ આપ્યુ અને તેમાં તમારા પુત્રએ તેમાં સહી કરી ત્યારપછી તમે સહી કરી એ જે કરાર કર્યો તેમાં કુલ જુદા જુદા છ ચેક આપવામા આવ્યા તેવી કબુલાત કરેલી છે. એમાંથી ચાર કેસોનો નિકાલ થઇ ગયેલ છે અને એક કેસમાં નિર્દોષ છુટેલ છે અને એકની અંદર સજા થયેલ છે તે આપણે રિફર કર્યો એમાં એફ.એસ. થઈ ગયેલ અને કેસ દલીલ ઉપર છે અને બીજા બે કેસ હાલના છે.

૧૮.ર વધુમાં દલીલ કરેલ છે કે, જે વ્યવહાર છે એ અમારો ૨૦૨૦ માં અમારી સાથે મિત્રતા હતી એ કબૂલ કરે છે, મોબાઈલના ધંધા માટે મેં નાણા લીધેલા હતા એ પણ કબૂલ કરે છે અને એ જે નાણા ન આપ્યા એટલા માટે આ સમજૂતી કરાર એણે કરી આપી અને છ ચેકો લખી આપ્યા એમાં ચેક નંબરનો ઉલ્લેખ છે અને જેમાં મારે ૨૮,૬૨,૦૦૦ ચુકવવાના હતા જેમાંથી તા. ૨૯–૬–૨૧ ના ૬ લાખ રૂપિયા મેં ચૂકવી આપેલા છે એટલે બાકીની જે રકમ છે તે રૂા. ૨૨,૬૧,૦૦૦/– રૂપિયા છ માસની મુદ્દતમાં આપવાના હતા એ પેટેના આ ચેકો

છે. કટકે કટકે મોબાઈલનો ધંધો હતો, મિત્ર હતા ૨૦૨૦.અમારો ધંધો છે સ્ક્રેપનો અને મે આખું એમાં સ્ટેટમેન્ટ રજુ કરેલ છે.

૧૮.૩ વધુમાં દલીલ કરેલ છે કે, મનીષ ચીનુ સુરતીનું રજૂ કરેલું છે. જે એકાઉન્ટ છે એની અંદર જુદા જુદા વર્ષના એમાં એસેસમેન્ટ અને ટર્નઓવરના આપેલા છે એમાં ૪,૨૧,૮૮,૬૫૪/- અમારું ટર્નઓવર છે એટલે અમારી પાસે ટર્નઓવર આટલું મોટું હોય તો અમારી પાસે જે હાથ ઉપર પણ એમાઉન્ટ હોય.

૧૮.૪ વધુમાં દલીલ કરેલ છે કે, તા. ૩૧-૩-૧૯ માં હાથ ઉપર સિલક ૫,૧૫,૫૪૯-૩૧ છે અને એચ.ડી.એફ.સી. બેન્કમાં ૮૦,૫૦૦/- અને કેશ ઓન હેન્ડ ૫,૧૫,૦૦૦/- છે.

૧૮.૫ વધુમાં દલીલ કરેલ છે કે, જીએસટી રિસીવેબલ એમાઉન્ટ જે છે મારી ૬,૫૮,૨૭૦/-.

૧૮.૬ વધુમાં દલીલ કરેલ છે કે, જે મેં સવાલ પૂછ્યા ને એમાં પણ કે જે આ તમારી પાસેથી જબરદસ્તીથી કઈ પણ લખાણ કરી આપેલું હોય એના માટે તમે કોઈ ફોજદારી ફરિયાદ આ જ દિવસ સુધી કરેલ નથી કારણ કે ૨૦૨૧ ની વાત છે.

૧૮.૭ વધુમાં દલીલ કરેલ છે કે, ત્યાર પછી કોઈ પણ ફરિયાદ મારી સામે દાખલ કરેલી નથી કે મેં આ જબરદસ્તીથી લખાણ આ લોકો પાસે કરાવી લીધેલું હોય, બળજબરીથી ચેકો મેળવી લીધેલા હોય અને જ્યારે હું નોટીસ આપું છું કેસો દાખલ થાય છે આટલા ત્યાર પછી પણ ક્યાંય એ રજૂઆત કરવા જતા નથી કે આ આવો નાણાકીય વ્યવહાર મારી સાથે થયેલો નથી અને આ ચેકોનો દુરુપયોગ કરવામાં આવેલો છે કે કોઈ પણ જાતનો અને એ કઈ નોટીસનો પણ જવાબ આપેલો નથી એટલે નામદાર નીચેની કોર્ટે જે છે નિર્ણય કરે છે તે યોગ્ય છે.

૧૮.૮ વધુમાં દલીલ કરેલ છે કે, ટ્રાયલ અદાલતે તમામ હકીકત ધ્યાનમાં લઈ એન.આઈ.એકટની કલમ-૧૩૮ મુજબ ગુનો કઈ રીતે પુરવાર થાય છે તે હકીકત ઉપર પુરતી છણાવટ કરેલ છે તે સંજોગોમાં અપીલ ટકવા પાત્ર ન હોય આ અપીલ રદ કરવા માટે દલીલ કરેલ છે.

ઉપરોકત દલીલોનો જવાબ :

ઉપરોકત આટલી મોટી રકમનો વ્યવહાર હતો તો મુળ ફરીયાદી જણાવે છે તે બંને કેસમાં આ મુળ વ્યવહાર આટલી મોટી રકમનો હતો તેની કોઈ વિગત ફરીયાદમાં કે

તે પહેલા આપેલી એન.આઇ.એકટની કલમ–૧૩૮ ની નોટિસમાં કે ફરીયાદી તરફે રજુ થયેલ સરતપાસમાં કરેલ નથી.

વધુમાં, ફરીયાદીએ જ તપાસેલ આરોપીની માતા સીવાયના સાહેદ માત્ર રૂ.ચાર લાખનો વ્યવહાર થયેલ છે તેવી હકીકત ઉલટ તપાસમાં જણાવે છે અને તેની સાથે આરોપીના માતા આ ધાક ધમકીથી કરાર કરેલ છે તેવી હકીકત જણાવે છે.

વધુમાં, જે ઇન્કમટેક્ષ રીટર્નની આવક દર્શાવી છે તેની ચર્ચા યથાસ્થાને કરેલ છે અને તે સંજોગોમાં જે ચર્ચા કરી છે તે લક્ષમાં લેતા ઉપરોકત દલીલનો લાભ ફરીયાદીને મળી શકે તેમ નથી.

૧૮.૯ વધુમાં, ફરીયાદી તરફે નામ. સુપ્રિમ કોર્ટનો નીચે મુજબનો ચુકાદો રજુ થયેલ છે.

૨૦૧૦ લોસ્યુટ(એસસી) ૨૭૭ રંગપ્પા વિરૂધ્ધ મોહન ના ચુકાદામાં હેડ નોટના પેરા–એ અને બી માં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે.

"(A) Negotiable Instruments Act, 1881-Sec. 138-Dishonour of cheque-Conviction-When maintainable-Accused admitted signature on cheque-He did not raise probable deference-Accused failed to reply to statutory notice under Sec. 138 of the Act-Complainant discloses the prima facie existence of a legally enforceable debt or liability-Held, Court below justified in convicting accused.

(B) Negotiable Instruments Act, 1881-Sec. 1.39-Presumption under-Rebut of-Standard of proof-Explained. -Appeal Disposed of."

૧૮.૧૦ આમ, ઉપરોકત ચુકાદો જોવામાં આવે તો, તેમાં આરોપી પ્રોબેબલ ડીફેન્સ ઉભો કરી શકેલ ન હતા અને નોટિસનો જવાબ આરોપીએ આપેલ ન હતો અને ફરીયાદપક્ષ તે કેસમાં પ્રથમ દર્શનીય રીતે લીગલી એન્ફોર્સેબલ દેવુ હતુ તે હકીકત સાબીત કરી શકેલ હતા. જયારે હાલના કેસમાં જો ખરેખર કરાર મુજબની રકમ લેવાની હોય તો તે બધી રકમ ફરીયાદીએ કયા સંજોગોમાં ફરીયાદમાં, નોટિસમાં કે સરતપાસમાં જણાવી નથી તેની કોઈ હકીકત જણાવેલ નથી અને ઉલટ તપાસમાં આ કરાર કયા સબંધેનો છે તેવી હકીકત આ ફરીયાદી જાણતા નથી તેવી હકીકત રેકર્ડ ઉપર આવે છે તે સંજોગોમાં ઉપરોકત ચુકાદાનો લાભ ફરીયાદીને મળી શકે તેમ નથી.

(૧૯) ટ્રાયલ અદાલતે ઉપરોકત મહત્વની બાબત ઉપર કોઈ મુલ્યાંકન કરેલ નથી અને તે સંજોગોમાં ટ્રાયલ અદાલતે જે તારણ કાઢેલ છે તે હકીકતની દ્રષ્ટિએ યોગ્ય નથી તે સંજોગોમાં મુદા નં. ૮.૧ અને ૮.૨ નો જવાબ હકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

// હુ ક મ //

(૧) વિવાદી/આરોપીની અપીલ મંજુર કરવામાં આવે છે.

(૨) જુનાગઢના વિધ્વાન ચોથા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટનાઓએ ક્રિમીનલ કેસ **નં.૪૮૫/૨૦૨૨** ના કામમાં તા. ૩૦–૦૪–૨૦૨૬ ના રોજ ચુકાદામાં ''આ કામના આરોપી અયાઝ હુસેનભાઈ લાખાણી, રહેવાસી : જૂનાગઢ વાળાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

વધુમાં આ કામે એવો પણ હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ ફરીયાદીને ચેકની બાકી રહેતી રકમ એટલે કે રૂા.૩,૭૭,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ લાખ સિત્તોતેર તર પેટે હજાર પુરા) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૫૭(૩) હેઠળ વળતર હુકમની તારીખથી દિન–૩૦ (ત્રીસ) માં ચૂકવી આપવી.

જો આરોપી ઉપર કરેલ હુકમ મુજબ સમયમર્યાદામાં ફરિયાદીને વળતરની રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૩ (ત્રણ) માસની સજા ભોગવવાની રહેશે.''

તે હુકમ રદ કરવામાં આવે છે અને આરોપીને ફોજદારી કેસ **નં.૪૮૫/૨૦૨૨** ના કામે ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ ના ગુનાના કામમાં **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ હુકમની જાણ ટ્રાયલ અદાલતને કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આર એન્ડ પી નીચેની અદાલતને મોકલી આપવુ.

(૫) આ અપીલ સામે કોઈ લીટીગેશન નામ. વડી અદાલતમાં થાય તો ત્યાં હાજર રહેવા માટે આરોપીએ રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપીયા દસ હજાર પુરા) ના જાત જામીન તથા સધ્ધર જામીન રજુ કરવાનો આદેશ કરવામાં આવે છે.

Sessions Judge
Junagadh

(૬) આરોપીએ ટ્રાયલ અદાલતમાં જો દંડની રકમ ભરેલી હોય અને કોઈ વચગાળાના વળતરની રકમ જમા કરાવી હોય તો તે તથા અપીલ અદાલતમાં વચગાળાના વળતર પેટે જમા કરાવેલ રકમ રીવીઝન સમય બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ−૧૦મી, માહે. જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦/૦૭/૨૦૨૬
સ્થળ : જુનાગઢ

(ભુપેન્દ્રકુમાર જી. દવે)
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ.
(કોડ નં. જી.જે૦૦૪૬૯)

Sessions Judge
Junagadh